અંકલેશ્વરના શિક્ષક દંપતીને ડિજિટલ એરેસ્ટ કરી રૂ.16 લાખની છેતરપિંડી

ભરૂચ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો

ભરૂચઃ અંકલેશ્વરના જૂના દિવા રોડ પર આવેલા નીલમાધવ રેસિડન્સી ખાતે રહેતા મોતીભાઇ ગોવિંદભાઇ રોહિત તેમજ તેમનાં પત્ની પ્રેમીબેન બંને સરકારી શિક્ષકની નોકરીમાંથી રિટાયર્ડ થઇને નિવૃત્ત જીવન ગુજારી રહ્યા છે. દરમિયાનમાં ગત બીજી મેના રોજ પ્રેમીબેન ઘરકામ કરી રહ્યાં હતાં. એ વેળાં તેમના મોબાઇલ પર વોટ્સએપ પર વિડીયો કોલ આવ્યો હતો. જે ઉપાડતાં એક પુરુષ પોલીસ અધિકારીના ડ્રેસમાં હિન્દીમાં તેમની સાથે વાત કરી રહ્યો હતો. તેણે જણાવ્યું હતું કે, તે દિલ્હી સાયબર ક્રાઇમના અધિકારી છે અને તેમનું નામ વિનોય કુમાર છે. તેણે કહ્યું હતું કે, પ્રેમીબેનના આધારકાર્ડથી દિલ્હીમાં એક બેન્ક એકાઉન્ટ ખોલવામાં આવ્યું છે. જેમાં બે કરોડ રૂપિયાની હેરફેર થઇ છે. આથી પ્રેમીબેને પતિ સાથે વાત કરાવી હતી. જેમાં ફરાર નરેશ ગોયેલે 2 કરોડની હેરાફેરીમાં તેમને 20 ટકા રકમ આપી હોવાનું કહ્યું હતું. આમ ધરપકડ થશે અને દિલ્હીથી માણસો નીકળી ગયા છે કહી આખી રાત તેમણે વિડીયો કોલ ચાલુ રખાવ્યો હતો. વાતચીત દરમિયાન તેમણે દંપતીના બેન્ક એકાઉન્ડની વિગતો મેળવી તેમનાં બે ખાતામાં કુલ 16 લાખ હોવાનું જણાવ્યું હતું. ગભરાયેલા પતિએ સવારે બંસીલાલ ટ્રેડર્સ નામના એકાઉન્ટમાં રૂપિયા ટ્રાન્સ્ફર કરી દીધા હતા. બાદ તેમણે પડોશીને જાણ કરતાં ઠગાઇ થઇ હોવાનું માલૂમ પડ્યું હતું. ભરૂચ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં અરજી આવતાં ગુનો નોંધાયો હતો.

માછીસાદડા ગામે યુવકનો આપઘાત

અનાવલઃ મહુવાના માછીસાદડા ગામે કુણાલકુમાર નરેન્દ્રભાઈ ગામીત (મૂળ રહે., ભીનાર, તા.વાંસદા, હાલ રહે., માછીસાદડા, તા.મહુવા)એ અગમ્ય કારણોસર ભીંડામાં ઈયળ મારવાની દવા ગટગટાવી લેતાં તેનું મોત નીપજ્યું હતું. આ ઘટના અંગે મહુવા પોલીસને જાણ થતાં મહુવા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

ઉંભેળમાં સિવિલ હોસ્પિટલ બનાવવા માટે બોલાવાયેલી ગ્રામ સભામાં લોકોનો

સમગ્ર વિસ્તાર ખૂબ જ પ્રદૂષિત હોવાથી આરોગ્યલક્ષી સેવા માટે સુસંગત નથીઃ ગ્રામજનોનો મત

વિશાલ પટેલ

કામરેજઃ ઉંભેળ ગામે સિવિલ હોસ્પિટલ બનાવવા ગ્રામસભા બોલાવવામાં આવી હતી. પરંતુ ગામના લોકોએ મોટી સંખ્યામાં ગ્રામ પંચાયત કચેરી ખાતે ભેગા થઈ હોસ્પિટલ બનાવવાનો વિરોધ કરી ગ્રામસભાનો બહિષ્કાર કર્યો હતો.

કામરેજનું ઉંભેળ ગામ એ નેશનલ હાઈવે નં.48ને અડીને આવેલું ગામ છે. ગામમાં અંદાજે 150 વીઘાં ગોચર જમીન આવેલી છે. રાજ્ય સરકાર દ્વારા ઉંભેળ ગામે બ્લોક નં.319માં ગોચરમાં હોસ્પિટલ બનાવવા અંગે મહેસૂલ વિભાગ-ગાંધીનગર દ્વારા ગ્રામજનોની સર્વસંમતિથી ગ્રામસભાનો ઠરાવ મંગાવવામાં આવ્યો હતો. જેને લઈ ગુરુવારે ઉંભેળ ખાતે ગ્રામસભાનું આયોજન કરાયું હતું. આ ગ્રામસભામાં મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. 300 બેડની સિવિલ હોસ્પિટલ બાબતે ગ્રામજનોએ ગ્રામસભાનો બહિષ્કાર કરી વિરોધ નોંધાવ્યો હતો અને જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી આવાસોમાં અંદાજે 300 મકાન આવેલાં છે. હાલમાં તમામ મકાનોમાં 2000થી વધુ લોકો રહે છે. મકાનમાં રહેતા લોકો તેમજ આસપાસના ગામડાંના લોકોનાં બાળકોના અભ્યાસ માટે સુરત જિલ્લા પંચાયત સંચાલિત પ્રાથમિક શાળા પણ આવેલી છે. પેટા આરોગ્ય કેન્દ્ર, બે આંગણવાડી પણ આવેલી છે. તેમજ ગોચરમાં વન વિભાગ દ્વારા 50 વીઘાંમાં નીલગીરી તેમજ સરુ ઉગાડવામાં આવ્યાં છે.

ઉંભેળ ગામના દાદિયા ફળિયામાં રહેતા આદિવાસી લોકો દ્વારા મુખ્યમંત્રી, આરોગ્ય મંત્રી સહિતના પદાધિકારીઓને લેખિતમાં અરજી કરવામાં આવી છે, જેમાં જણાવ્યું છે કે, ઉંભેળથી એક-બે કિલોમીટરના વિસ્તારમાં જોળવા, તાંતીથૈયા, પરબ, વલણ જેવાં ગામોમાં મોટા પાયે ઔદ્યોગિક એકમો આવેલાં છે. જેને લઈ સમગ્ર વિસ્તાર ખૂબ જ પ્રદૂષિત હોવાથી આરોગ્યલક્ષી સેવા માટે સુસંગત નથી. તેમજ 12થી 15 કિલોમીટરમાં સુરત મહાનગર પાલિકા સંચાલિત સ્મીમેર હોસ્પિટલ, મેડિકલ કોલેજ પણ આવેલી છે. જો સુરત જિલ્લાના બારડોલી વિભાગમાં સૂચિત સ્થળ નક્કી કરવામાં આવે તો સુરત જિલ્લાના મહુવા, બારડોલી, માંડવી, માંગરોળ, ઉમરપાડા જેવા વિસ્તારના આદિવાસી સમાજને જિલ્લાની મધ્યમાં આરોગ્યલક્ષી સેવા મળી શકે છે.

ટીંબામાં સુરતના આધેડના મોત પ્રકરણમાં મહિલા સહિત ચાર સામે દુષ્પ્રેરણાનો ગુનો

અવિનાશ પારેખે તાજેતરમાં તાપી નદીના પુલ પરથી પડતું મૂકી આપઘાત કર્યો હતો

કામરેજઃ કામરેજના ટીંબામાં તાજેતરમાં તાપી નદીના પુલ પરથી પડતું મૂકી આપઘાત કરનાર આધેડના મોત પ્રકરણમાં કામરેજ પોલીસે એક મહિલા સહિત ચાર લોકો સામે દુષ્પ્રેરણાનો ગુનો નોંધ્યો હતો

સુરત ઓ.એન.જી.સી. માં નોકરી કરતા અને વિઝા કન્સલ્ટન્ટ્સીના ધંધા સાથે સંકળાયેલા 53 વર્ષીય અવિનાશ દશરથભાઈ પારેખે પાંચ દિવસ અગાઉ કામરેજના ટીંબા ગામે મોપેડ મૂકી તાપી નદીના પુલ પરથી મોતની છલાંગ લગાવી આપઘાતની કર્યાની ઘટનામાં પોલીસે અકસ્માત મોત નોંધ્યો હતો. જેની તપાસ કરતાં મરનાર અવિનાશભાઈની મોપેડની ડીકીમાંથી નોટબુકમાં હિસાબો તેમજ વિડીયો બનાવેલો મોબાઈલ કામરેજ પોલીસને મળી આવ્યો હતો, જેમાં કરણ એજ્યુકેશન નામથી વિઝા કન્સલ્ટન્ટ્સી નામથી ભાગીદાર વિજય ગણપત ચૌહાણ (રહે.,કદમપલ્લી, નાનપુરા)નું કામ શરૂ કર્યું હતું. સાથે માર્કેટ રિસર્ચ હાઉસ શેરબજારને લગતાં કામો કરતા હતા. વિજયે 22 ગ્રાહકો પાસેથી રૂપિયા લઈ વિદેશ જવા માટે કામ સોંપવામાં આવ્યું હતું. પરંતુ કામ ન થતાં રૂ.1,09,80,000 તમામને અવિનાશે ચૂકવી દીધા હતા. માર્કેટ રિસર્ચ હાઉસમાં પણ છ માસમાં રૂ.25 લાખનો ખર્ચ કર્યો હતો અને વિઝાની ઓફિસનો પાંચ વર્ષનો ખર્ચ રૂ.60 લાખ મળી કુલ રૂ.2,30,93,000નું નુકસાન વિજય ચૌહાણ સાથે જોડવામાં અવિનાશભાઈને થયું હતું. રીટાબેન પંકજ દેસાઈ (રહે., સિલિકોન લક્ઝરિયા, પાલ)ના પુત્રનું પણ વિઝાનું કામ રાખ્યું હતું. પરંતુ કામ ન થતાં રૂ.16,50,000 પરત આપી દીધા હોવા છતાં રીટાબેન દેસાઈના પુત્રના કહેવાથી સોનાના દાગીના તેમજ રોકડા રૂ.27,57,000નો મુદ્દામાલ રાજેશ ઠક્કરને આપી દીધા હતા. છતાં પણ બ્લેકમેલ કરતા હતા. વેસુમાં રઘુવીર બિલ્ડર્સના પ્રોજેક્ટમાં વર્ષ 2018-19 ફ્લેટ બુક કરાવતા સમયે દલાલ રાજેશ જયંતીલાલ મહેતા (રહે.,જી-1, અરુણ પેલેસ, ગુરુગોવિંદનગર સોસાયટી, અડાજણ)એ કોરોના સમયે રૂપિયા નહીં આવતાં બિલ્ડરે ભાવ વધારી કરી દેતાં ગ્રાહકોના ટોકન પેટે લીધેલા રૂ.1,27,00,000 જમા લઈ લીધા હતા. જેને લઈ દલાલ રાજેશ મહેતા રઘુવીર બિલ્ડર્સ સાથે મળી અવિનાશભાઈને ફસાવી દેતાં મરવા માટે મજબૂર કરતાં ચાર લોકોની સામે કામરેજ પોલીસમથકમાં દુષ્પ્રેરણાની ફરિયાદ નોંધાવી હતી.

વિકાસ ખાડામાંઃ 40 ગામ માટે ઉપયોગી એકમાત્ર લીંબાડા નજીકનો રસ્તો બિસમાર

રાત-દિવસ આ માર્ગ પરથી મોટાં લોડિંગ વાહનો દોડે છે, નાના વાહનચાલકોને પસાર થવું અત્યંત જોખમી

ઈબ્રાહીમ કાનુ

હથોડાઃ કોસંબાથી માંગરોળને જોડતો મુખ્ય માર્ગ લિંબાડા ગામની ભાગોળે ખોદાઈ જતાં અને મોટા ખાડા પડતાં વિસ્તારની જનતા તેમજ વાહનચાલકો કપરી પરિસ્થિતિમાં મુકાયા છે. જીવલેણ અકસ્માત સર્જાય તેવી દહેશત સાથે તંત્ર સામે રોષ જોવા મળી રહ્યો છે.

તરસાડી, કોસંબા, હથુરણ, કુંવારદા, કઠવાડા, હથોડા, વેલાછાથી લઈને છેક માંગરોળ, મોસાલી વચ્ચે આવતાં 30થી 35 ગામના લોકો તેમજ ઉમરપાડા અને હાંસોટ તાલુકાના હજારો વાહનચાલકો તેમજ લોકો માટે આ માર્ગ ધોરી નસસમાન હોવાથી જનતા આ માર્ગનો રાત-દિવસ ઉપયોગ કરે છે. અહીં રાત-દિવસ માટી, કપચી સહિત અન્ય ચીજવસ્તુ ભરેલાં લોડિંગ વાહનો પણ માતેલા સાંઢની જેમ દોડતા હોય છે. ત્યારે લીંબાડા ગામની ભાગોળે મુખ્ય માર્ગ ખોદાઈ જતાં વાહનચાલકોને પસાર થવું મુશ્કેલ બન્યું છે. એક તરફનો રોડ ખોદાઈ જતાં બીજી તરફથી વાહનચાલકો પોતાનો રસ્તો શોધી લેતા હોય છે. પરંતુ આ માર્ગ પરથી મોટાં વાહનો દોડતા હોવાથી ગંભીર પ્રકારનો અકસ્માત સર્જાય તેવી દહેશત છે. હાલમાં કોસંબા, ઉમરપાડા નેરોગેજ ટ્રેન બંધ હોવાથી 40થી 50 ગામના લોકો માટે માત્ર અને માત્ર આ જ માર્ગના આશરો છે. કહેવાય છે કે, આ માર્ગ નજીકથી વિસ્તારના નેતાઓ તેમજ માર્ગ-મકાન ખાતાના જવાબદાર અધિકારીઓ પણ પસાર થાય છે. પરંતુ તેઓ કોઈક કારણસર મૌન ધારણ કરીને ચૂપકીદી સેવી રહ્યા છે. જેથી વાહનચાલકો માં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

સ્થાનિક લોકોએ નામ નહીં આપવાની શરતે જણાવ્યું હતું કે, આ માર્ગ કરોડો રૂપિયાના ખર્ચે બે વર્ષ પહેલાં બન્યો હતો. ત્યારે લિંબાડા નજીક આટલી હદે માર્ગની ખરાબ હાલત થઈ જતાં એજન્સીની પણ તંત્ર દ્વારા જવાબદારી નક્કી કરવી જોઈએ. અને ગંભીર અકસ્માત પહેલાં આ માર્ગની મરામત થવી જોઈએ.

કરાઠા રોડ પર બુલેટ થાંભલા સાથે અથડાતાં ચાલકનું મોત

રાજપીપળાઃ રાજપીપળા નજીક કરાઠા રોડ પર બુલેટ પૂરપાટ હંકારી લાવનાર ચાલકનું લોખંડના થાંભલા સાથે અથડાતાં મોત નીપજ્યું હતું.

કરાંઠા ગામના દિનેશભાઇ રણછોડભાઈ પટેલે આપેલી ફરિયાદ મુજબ તેમના પુત્ર ચિંતનભાઇ દિનેશભાઇ પટેલ ગત તા.૬/૫/૨૦૨૫ના રોજ રાત્રિના સમયે વાવડી ચોકડીથી કરાઠા તરફ જતા રોડ ઉપર પોતાના કબજાની બુલેટ બાઈક પૂરઝડપે હંકારી લાવતાં બાઈકના સ્ટીયરિંગ ઉપરથી કાબૂ ગુમાવતાં રોડની બાજુમાં આવેલા સાઇન બોર્ડના લોખંડના થાંભલા સાથે અથાડી માથાના ભાગે ગંભીર ઈજા પહોંચાડતાં તેનું સ્થળ ઉપર મોત થયું હતું.

વાઘઝરી ગામે આધેડ ઉપર દીપડાનો હુમલો

વ્યારાઃ વ્યારાના કાનપુરાના ખટાર ફળિયામાં રહેતા જયંતીભાઈ છગનભાઇ ગામીત (ઉ.વ.૫૫) ઉપર વાઘઝરી ગામે કદાવર દીપડાએ હુમલો કર્યો હતો. જો કે, દીપડા સાથે ભાથ ભીડતા બચાવ થયો હતો. લોહીલુહાણ હાલતમાં તેઓને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. હાલ તબિયત સુધારા પર હોવાનું જાણવા મળ્યું છે.

કારેલીમાં ટ્રેક્ટર ચલાવવા બાબતે ઠપકો આપતાં પરિવાર પર હુમલો, ત્રણને ઈજા

ટ્રેક્ટર ચાલકનો પરિવાર તેમજ સાગરીતોએ ભેગા મળી લાકડીના સપાટા, ગેરેજનાં પાનાં સહિતનાં સાધનો વડે હુમલો કર્યો

પલસાણાઃ પલસાણાના કારેલી ગામમાં ગંગાધરા રેલવે ફાટક પાસે આજે સાંજે ટ્રેક્ટર ચલાવવા બાબતે ઠપકો આપવા જતાં એક પરિવાર પર લાકડીઓ અને ગેરેજના પાના વડે હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે.

કારેલી ગામના ટીમ્બલીયાવાડમાં રહેતા 55 વર્ષીય હસમુખભાઇ ઉર્ફે ધકુલ છીબાભાઇ ઢોડીયાએ ફરિયાદ નોંધાવી છે કે આરોપી રાહુલભાઇ ભનુભાઇ મારૂ તેમના ઘર પાસેથી બેફામ રીતે ટ્રેક્ટર ચલાવી રહ્યો હતો. હસમુખભાઈએ રાહુલને ટ્રેક્ટર વ્યવસ્થિત ચલાવવા માટે કહેતાં રાહુલ ઉશ્કેરાઈ ગયો હતો. હસમુખભાઇ ઉપરાંત તેમના પત્ની બે પુત્ર રવિ અને રાજે રાહુલે ગાળો બોલવાની ના પાડી તો તેણે તેઓને પણ ગાળો આપી અને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

ત્યારબાદ ગંગાધરા રેલવે ફાટક પાસે રાહુલ, તેના પિતા ભનુભાઇ મારૂ, કાકા ભોજાભાઇ મારૂ તેમજ અન્ય સંબંધીઓ રેવાભાઇ ભવનભાઇ મારૂ, ગણપતભાઇ ભવનભાઇ મારૂ અને નાથુભાઇ ઉર્ફે વિપુલ રેવાભાઇ ભરવાડ ઊભા હતા. ત્યારે હસમુખભાઈએ રાહુલે કરેલા દુર્વ્યવહારની વાત કરી તો તેઓએ પણ ફરિયાદી તથા તેમના બે પુત્રો અને સાહેદ પાર્થને ગાળો બોલી માર માર્યો હતો. રાહુલ અને તેના પિતાએ હસમુખભાઈના માથા અને હાથ પર લાકડીના સપાટા માર્યા હતા. રાહુલે ગેરેજનું પાનું કાઢી હસમુખભાઈના માથામાં જોરથી મારતાં તેમને ગંભીર ઈજા પહોંચી હતી. આઉપરાંત સાહેદ પાર્થ, હસમુખભાઈના પુત્ર રાજ સહિતનાને આરોપીઓએ માર માર્યો હતો. એટલું જ નહીં, રાહુલના કહેવાથી અન્ય 10 જેટલા લોકો ત્યાં ધસી આવ્યા હતાં અને ફરિયાદી સહિતનાને માર માર્યો હતો. જેમાં ફરિયાદી હસમુખભાઈ, તેમના પુત્ર રાજ અને સાહેદ પાર્થને ગંભીર ઈજાઓ પહોંચી હતી, પોલીસે આ અંગે ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે.

કડોદની અંગ્રેજી અને ગુજરાતી મીડિયમ શાળાનું ગૌરવ

બારડોલી, કડોદઃ ધી કડોદ હાઈસ્કૂલ-કડોદ ગુજરાતી મીડિયમનું ધો.10નું પરિણામ 57.51 ટકા જાહેર થયું હતું. જેમાં ચાર વિદ્યાર્થીએ A1 ગ્રેડ પ્રાપ્ત કર્યો હતો. બાર વિદ્યાર્થીએ A2 ગ્રેડ પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું છે. જેમાં ચિરાગ આહીર, શિફબાનુ સાજિદ મિયાન, વિદ્યાકુમારી પટેલ અને ફેનીકુમારી ચૌધરીએ A1 ગ્રેડ મેળવ્યો હતો. અંગ્રેજી માધ્યમનું પરિણામ 100 ટકા આવ્યું હતું. જેમાં A1 ગ્રેડ સાથે વેદાંગ કાયસ્થ, વિશ્વ કાયસ્થ, વ્યોમ પટેલ અને અન્વેષા શર્મા ઉત્તીર્ણ થયા હતા. વિદ્યાર્થીઓને કડોદ વિભાગ એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ કેતન જે.પટેલ, ઉપપ્રમુખ ઘનશ્યામ ગાંધી, મંત્રી પ્રતાપસિંહ દેસાઇ, સહમંત્રી હિતેશ દેસાઇ, ખજાનચી પિનાકીન શાહ, શાળાના આચાર્ય સુનિલ રાજપૂત અને અંગ્રેજી માધ્યમના આચાર્ય ભાવેશભાઈ દેસાઇ તથા ટ્રસ્ટીઓ અને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યાં હતાં.

સાતકાશીમાં સિક્યુરિટી પર ચોરીના આક્ષેપથી હોબાળો

જવાબદારો સામે કાર્યવાહીની માંગ, વિવિધ માંગણી સાથેનાં કંપની વિરુદ્ધનાં બેનર્સ લાગ્યાં

વ્યારાઃ ઉકાઈ ડેમમાંથી પાણીની પાઈપલાઈનના કામે છેલ્લાં ત્રણ વર્ષથી સોનગઢના વાજપુર રેંજના જંગલ વિસ્તારમાં સાતકાશી ગામે વનવિભાગની સનદની જમીનમાં ઊભી કરાયેલા એલ એન્ડ ટી કંપનીના સાઇટ કેમ્પમાંથી તાંબુ-સળિયા જેવી સામગ્રી ચોરાતાં અધિકારીઓ દ્વારા સિક્યુરિટીનાં માણસો પર ચોરીનો આરોપ મૂક્યો હતો, સિક્યુરિટી પર ચોરીનો આરોપ મૂકી માર મારવામાં આવતાં ટોળાએ તા.૮/૫/૨૦૨૫ના રોજ કેમ્પમાં ધસી આવી એલ એન્ડ ટી કંપની વિરુદ્ધ બેનર્સ લગાવી વિરોધ દર્શાવ્યો છે. કંપનીનાં વાહનોની અવરજવર પણ અટકાવતાં આ કંપનીનું કામકાજ ઠપ્પ થઈ ગયું હતું. આ સાઈટ કેમ્પ પર રહેઠાણ માટે પાકું બાંધકામ કરી ત્યાં કંપનીની સામગ્રી મૂકવામાં આવતી હતી, જેની દેખરેખ માટે ગામના જ માણસો સિક્યુરિટી પર લાંબા સમયથી ફરજ બજાવી રહ્યા હતા. બિનજરૂરી સિક્યુરિટીને માર મારવા બદલ જવાબદારો સામે કાર્યવાહીની માંગ કરી છે.

આસપાસના રસ્તા પણ ખોદી વાહન વ્યવહાર બંધ કરાવી દીધો હતો. ગ્રામજનોનું કહેવું હતું કે, આ કંપની જ્યારથી અહીં કામ કરતી રહી છે ત્યારથી આજદિન સુધી આવી કોઇ ચોરી થઈ નથી. કંપનીના અધિકારીઓ પોતાની કરતૂતો છુપાવવા સિક્યુરિટીનું નામ ધરી રહ્યા છે. પોતાની ચામડી બચાવવા હવાતિયા મારી ચોરીનો આરોપ સિક્યુરીટીના શિરે મૂકે તે યોગ્ય નથી. એલ એન્ડ ટીનાં વાહનો માટે રસ્તો બંધ કરી ગ્રામજનોએ ૬ જેટલી માંગણી પર ભાર મુકાયો છે, જેમાં ગામનો જુની પ્રાથમિક શાળાથી વડપાડાનો રસ્તો, સ્મશાનથી કાકડાપાણીનો રસ્તો કે જે એલ એન્ડ ટી કંપનીનાં કામથી વિસ્માર થયો છે તેને બનાવી આપવા માંગ કરી છે.

સંક્ષિપ્ત સમાચાર

દહેજની બિરલા કોપર ટાઉનશિપ ખાતે હવાઈ હુમલાની મોકડ્રીલ

ભરૂચઃ દહેજ બિરલા કોપર ટાઉનશિપ ખાતે હવાઇ હુમલો થયો હતો. તા.7મી મેના રોજ બપોરે ચાર કલાકે જિલ્લા કંટ્રોલ રૂમ તથા પોલીસ કંટ્રોલ રૂમ ખાતે ફોન મારફત ઉપરોક્ત સ્થળો પર હવાઈ હુમલો થવાના કારણે તે ક્ષતિગ્રસ્ત થયા અંગેની જાણકારી મળી હતી. જેના પગલે સાયરન વગાડીને હવાઈ હુમલો થવા અંગેની જાહેર જનતાને જાણકારી આપવામાં આવી હતી. સાયરનનો સંકેત મળતાની સાથે જ કંપની ટાઉનશિપ અને અન્ય આજુબાજુના નાગરિકોએ નજીકના સુરક્ષિત સ્થળે આશ્રય મેળવ્યો હતો. હવાઈ હુમલા અંગેની જાણકારી મળતા જ સમગ્ર તંત્ર એલર્ટ મોડ પર આવી ગયું હતું. વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ તાત્કાલિક ઘટના સ્થળે આવી પહોંચ્યા હતા. ગણતરીની મિનિટમાં જ ફાયર, પોલીસની ટીમો, એમ્બ્યુલન્સ સહિતનાં આધુનિક સંસાધનો સાથે ઘટના સ્થળે આવી પહોંચી હતી. જો કે, આ એક મોકડ્રિલ હતી.

વલવાડાની ધનગૌરી સાર્વજનિક વિદ્યાલયનું ગૌરવ

સામાન્ય પ્રવાહ

વિજ્ઞાન પ્રવાહ

ભોરિયાઃ શ્રી વલવાડા વિભાગ સાર્વજનિક કેળવણી મંડળ, વલવાડા સંચાલિત ધનગૌરી સાર્વજનિક વિદ્યાલયનું ધો.૧૨ સામાન્ય પ્રવાહનું 76.69 ટકા પરિણામ આવ્યું હતું, જેમાં શાળામાં પ્રથમ નંબરે નાયકા વૈભવીએ 75.60 ટકા, બીજા ક્રમે પટેલ હિનલે 74.40 અને તૃતીય ક્રમે બારોટ મિહિરે 71.46 ટકા મેળવ્યા હતા. આ સંસ્થાનું ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહનું 70.58 ટકા આવ્યું હતું, જેમાં શાળામાં પ્રથમ નંબર પટેલ સ્નેહલે 74.71 ટકા, બીજા ક્રમે પટેલ નીરવે 72.74 ટકા અને તૃતીય ક્રમે મોતાલા રીઝવાનાએ 68.29 ટકા મેળવ્યા હતા. તમામ વિદ્યાર્થીઓને સંસ્થાના પ્રમુખ સતીષભાઈ એન. પટેલ, ઉપપ્રમુખ, મંત્રી, સહમંત્રી, ખજાનચી, મંડળના ટ્રસ્ટીઓ, કારોબારી સભ્યો, શાળાના આચાર્ય નીલેશકુમાર પ્રજાપતિ, શાળાના શિક્ષક ભાઈઓ અને બહેનોએ અભિનંદન પાઠવ્યાં હતાં.

અંકલેશ્વર GIDCની સંસ્કારદીપ વિદ્યાલયમાં SSC બોર્ડમાં 100 ટકા પરિણામ, પ્રથમ ક્રમાંકે પ્રથા બારડે 96.16 ટકા મેળવ્યા

પ્રથા બારડ

નિષ્ઠા જોશી

કુંજ માલાણી

ભરૂચ,તા.8 : અંકલેશ્વર GIDCમાં આવેલ સંસ્કારદીપ વિદ્યાલયનું ધો-10મુ (SSC) બોર્ડનું પરિણામ સતત 100 ટકા આવ્યું છે.જેમાં ચાલુ વર્ષે 61માંથી તમામ વિદ્યાર્થીઓ પાસ થઇ ગયા છે.જો કે ગયા વર્ષે પણ ધો-10માનું પરિણામ 100 ટકા આવેલ હતું. સંસ્કારદીપ વિદ્યાલયમાં પ્રથમ ક્રમાંકે વિદ્યાર્થીની પ્રથા.પી.બારડ 96.16 ટકા મેળવીને A1 ગ્રેડ,બીજા ક્રમાંકે વિદ્યાર્થીની નિષ્ઠા.આર.જોશી 96 ટકા મેળવીને A1 ગ્રેડ અને ત્રીજા ક્રમે વિદ્યાર્થી કુંજ.પી.માલાણી 95.33 ટકા સાથે A1 ગ્રેડ મેળવ્યો છે.આ વિદ્યાલયમાં A1 ગ્રેડમાં 12 વિદ્યાર્થી, A2માં 21 વિદ્યાર્થી, B1માં 23 વિદ્યાર્થી, B2માં 2 વિદ્યાર્થી તેમજ C1માં 3 વિદ્યાર્થી ઉત્તીર્ણ થયા છે.તમામ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થઈને વિદ્યાલયની જીવંતતામાં વધારો કરતા શાળા સ્ટાફ અને ટ્રસ્ટીમંડળે સૌને આવકાર્યા હતા.

ડુંગરીની પ્રભુપ્રેમી વિદ્યાલયની સિદ્ધિ

બારડોલીઃ ડુંગરી વિભાગ કેળવણી મંડળ સંચાલિત પ્રભુપ્રેમી વિદ્યાલય, ડુંગરીએ HSC બોર્ડ (સામાન્ય પ્રવાહ)માં 100% પરિણામ મેળવી ઉત્કૃષ્ટ સિદ્ધિ હાંસલ કરી છે. ચૌધરી દિયાકુમારી દિનેશભાઈએ 86.28% સાથે પ્રથમ સ્થાન મેળવ્યું છે. જ્યારે ચૌધરી ભાર્ગવીકુમારી અશ્વિનભાઈ 84.85% સાથે દ્વિતીય અને ચૌધરી ધ્રુવીકુમારી હિતેશભાઈ 83.42% સાથે તૃતીય ક્રમે રહ્યા છે. કેળવણીમંડળના પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ, મંત્રી મહેશભાઈ પટેલ અને આચાર્ય વિજયભાઈ પટેલ તેમજ સમગ્ર શાળા પરિવારે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યાં હતાં.

અંકલેશ્વરમાં પ્રોહિબિશનના ગુનામાં ફરાર કુખ્યાત આરોપીની ધરપકડ

અંકલેશ્વરઃ ભરૂચ ક્રાઇમ બ્રાન્ચની ટીમ અંકલેશ્વર શહેર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. દરમિયાન બાતમી મળી હતી કે પ્રોહિબિશનના ગુનામાં ફરાર આરોપી અરસદ શેખ ઉર્ફે નવ્વાણુ (રહે., વલસાડ) અંકલેશ્વરના આંબોલી રોડ સર્વોદય સોસાયટી પાસે હાજર છે. જેના આધારે પોલીસે દરોડા પાડી આરોપીને ઝડપી પાડ્યો હતો તેમજ વધુ કાર્યવાહી માટે અંકલેશ્વર એ ડિવિઝન પોલીસને સોંપ્યો હતો.

વ્યારામાં જેબી એન્ડ એસએનું ૬૯.૮૬% અને કે.કે.કદમ વિદ્યાલયનું ૭૫.૪૬ ટકા પરિણામ આવ્યું

ધ્રુવી સોની | અક્ષરા વાઘેલા | વામિકા પટેલ | મૈત્રી ચૌધરી | ઝીયા લખાણી

વેદાંત લિંબાચીયા | વૈભવ ગામીત | વિદિત ચૌધરી

વ્યારાઃ વ્યારામાં શ્રી જ.ભ. અને સા.આ. સાર્વજનિક વિદ્યાલયનું ૬૯.૮૬% પરિણામ આવ્યું હતું. પ્રથમ લિંબાચિયા વેદાંત સતીષકુમાર ૬૦૦/૫૭૦ (૯૫%), દ્વિતીય ગામીત વૈભવ જગદીશભાઇ ૬૦૦/૫૬૮ (૯૪.૬૬%), તૃતીય ચૌધરી વિદિત અશોકભાઇ ૬૦૦/૫૪૯ (૯૧.૫૦%) પરિણામ આવ્યું છે. શ્રીમતિ કે.કે.કદમ વિદ્યાલયનું ૭૫.૪૬ ટકા પરિણામ આવ્યું હતું, જેમાં પ્રથમ સોની ધ્રુવી પ્રકાશભાઇ ૬૦૦/૫૬૯ (૯૪.૮૩%), દ્વિતીય વાઘેલા અક્ષરા રશ્મિકાંતભાઇ ૬૦૦/૫૬૧ (૯૩.૫%), પટેલ વામિકા વનેશભાઇ ૬૦૦/૫૬૧(૯૩.૫%), તૃતીય ચૌધરી મૈત્રી મહેન્દ્રભાઇ ૬૦૦/૫૫૪(૯૨.૩૩%), લખાણી ઝિયા મહમદરફિકભાઇનું ૬૦૦/૫૫૪(૯૨.૩૩%) પરિણામ આવ્યું હતું.

વ્યારા સેન્ટ ઝેવિયર્સ હાઇસ્કૂલનું ધો.૧૦નું ૧૦૦ ટકા પરિણામ

વ્યારાઃ વ્યારા સેન્ટ ઝેઇયર્સ હાઇસ્કૂલમાં ધો.૧૦નું ૧૦૦ ટકા પરિણામ આવ્યું છે. કોંકણી હર્ષિલ જોસેફભાઇ અને ગામીત આર્યન મહેન્દ્રભાઇ બંને વિદ્યાર્થીએ ૯૨.૫ ટકા સાથે પ્રથમ ક્રમ મેળવ્યો છે. જ્યારે ગામીત જૈનેશકુમાર એસુલભાઇ ૯૨.૧૬ ટકા મેળવી દ્વિતીય ક્રમાંક તેમજ ગામીત અપેક્ષા અમિતભાઇએ ૮૮.૫ ટકા સાથે તૃતીય ક્રમ મેળવ્યો છે. આમ કુલ ૫૦ વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી. તમામ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થતાં શાળાએ ૧૦૦ ટકા પરિણામ મેળવ્યું છે.